જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૯/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૯૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૪૦ લીટર દેશી દારૂ અને ૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫,૫૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૯૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૯૬/૨૦૨૬**

રામોલઃ અમરાઇવાડી વંડર પોઇંટ જે.કે.સ્ટીલની સામે જય યોગેશ્વર રો–હાઉસ ખાતે રહેતી મહીલાએ તા.૧૪/૦૯/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૬ ના રોજ અજાણી વ્યક્તિએ મહીલાના પતિના ફોન પર વોટસએપમાં લીંક મોકલતા જે લીંક ખોલતા મોબાઈલ ફોન હેક કરી ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી બે અલગ–અલગ બેંકના ક્રેડીટકાર્ડમાંથી મળી કુલ રૂપિયા ૧,૮૯,૯૯૮/– ટ્રાન્ઝેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.આર.ચૌધરી ચલાવે છે.

સોનાનો દોરો ઝુટવી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૨૯૭/૨૦૨૬**

રાણીપઃ સુવર્ણાબહેન ગોવિંદલાલ જાદવ (ઉ.વ.૭૫) (રહે. ગાયત્રીકુંજ સોસાયટી જુની પાણીની ટાંકી પાસે રાણીપ) તા.૧૨/૦૯/૨૦૨૬ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે રાણીપ ગાયત્રીકુંજ સોસાયટીની અંદર ગેટની બાજુમાં ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ એક પુરૂષ સુવર્ણાબહેન જાદવના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ સુવર્ણાબહેન જાદવ એ તા.૧૪/૦૯/૨૦૨૬ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ ઈ.શ્રી વી.વી.ગઢવી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૯૮/૨૦૨૬**

"એન" ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનઃ મિલન ધરમશીભાઇ વાઘેલા (ઉ.વ.૨૩) (રહે. આકૃતિ ટાઉનશીપ વિભાગ–૩ અસલાલી હાઇ–વે નારોલ) તા.૧૫/૦૯/૨૦૨૬ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે મિલન પોતાના મિત્રને મોટર સાયકલ પાછળ બેસાડી વાસણા તરફથી અંજલીબ્રીજ ઉપર થઈ મહાલક્ષ્મી પાંચ રસ્તા તરફ પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૧૮ બીવી ૮૮૦૩ ના ચાલક નરેન્દ્રસિંહ જીંદુસિંહ ઝાલા (રહે. ગામ–જોરાજીના મુવાડા તા–તલોદ જી–સાબરકાંઠા) એ ટ્રક મહાલક્ષ્મી પાંચ રસ્તા તરફથી અંજલીબ્રીજ ઉપર રોંગ સાઇડમાં પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા મિલન અને તેનો મિત્ર મોટર સાયકલ ઉપરથી પડી જતા મિલન ઉપર ટ્રકનું ટાયર ફરી વળતા ગંભીર ઇજાઓ થતા મિલનનું સ્થળ ઉપર મૃત્યું નિપજયું હતું તેમજ તેના મિત્રને પણ ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર મિલનના પિતા ધરમશીભાઇ વાઘેલા એ "એન" ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.ડી.સોઢા ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૯૯/૨૦૨૬**

ઓઢવઃ નિતુ રાકેશ કુશ્વાહ (ઉ.વ.૨૧) (રહે. આશારામ પાર્ક સોસાયટી આદિનાથનગર) તા.૧૪/૦૯/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘરની બહાર ગણપતિની મુર્તિ મુકવા સારૂ પંડાલ બનાવેલ હોય જે પંડાલમાં ચાલુ વરસાદમાં લાઈટની સીરીઝ લગાવતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને ઓઢવ મેરી ગોલ્ડ સ્કુલ પાસે સી.એસ.સી.સેન્ટર ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી